
## ગજાનનં ભૂતગણાદિ સેવિતં, કપિત્તજમ્બૂ ફલચારુ ભક્ષણમ્ાઉમાસુતં શોકવિનાશકારણં, નમામિ વિઘ્નેશ્વર પાદપંકજમ્ા।

અર્થઃ જેનું મુખ હાથી જેવું છે, ભૂત-ગણો જેઓની સેવા કરે છે, જેમને જામફળ અને કાઠું (કપિત્ત) પ્રિય છે, જે માતા પાર્વતી (ઉમા) ના પુત્ર છે અને દુઃખનો નાશ કરનાર છે, તેવા વિઘ્નેશ્વર ભગવાન ગણેશના ચરણકમળમાં હું નમસ્કાર કરું છું.



દિવ્યાંગજનોએ માંજલપુરના રાજાની આરતી કરી આશીર્વાદ મેળવ્યા

સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડિકેપ્ડ (S.P.H.)ના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. શ્રી નરેન્દ્રભાઈ પટેલના પુત્ર શ્રી કેયુરભાઈ પટેલ તથા યુવા શક્તિ ચેરિટેબલ ટ્રસ્ટ (માંજલપુરના રાજા) દ્વારા સોમવારે સવારે દિવ્યાંગજનોને માંજલપુરના રાજા ગણપતિની આરતી ઉતારવા માટે ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું.આ આમંત્રણને માન આપી દિવ્યાંગજનોએ માંજલપુરના રાજા ગણપતિજીના દર્શન કરી ભક્તિભાવપૂર્વક આરતી ઉતારી હતી અને ભગવાન શ્રી ગણેશજીના આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે દિવ્યાંગજનોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.



લકકડપીઠા બાળ મિત્ર મંડળ. પથ્થર ગેટ, મદનઝાંપા રોડ, વડોદરા.



આઝાદ ગ્રુપ, કિશનવાડી.



ગદાધારી સાર્વજનિક મિત્ર મંડળ, બાપોદ



ગદાધારી સાર્વજનિક મિત્ર મંડળ, બાપોદ

બે ભાગીદારોએ નફો ઘટાડવા ખોટો ખર્ચ બતાવ્યો હોવાનો આક્ષેપ

# ભાગીદારો દ્વારા બોગસ બેલેન્સશીટ તૈયાર કરી પેઢી સાથે રૂ.૧.૩૯ કરોડની ઉચાપત કરાઈ

**ઠગોએ ઉચાપતના નાણા** સગા-સંબંધીઓના ખાતામાં ટ્રાન્સફર કરી નાખ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.22

દિવાળીપુરાના વેપારીએ વર્ષો જૂની ભાગીદારી પેઢીના બે ભાગીદારો સામે રૂ.1.39 કરોડથી વધુની ઉચાપત, વિશ્વાસઘાત અને છેતરપિંડીનો આક્ષેપ કરતી ફરિયાદ અકોટા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. ફરિયાદ મુજબ પેઢીની બેલેન્સશીટમાં ખોટા ખર્ચ દર્શાવી નફો ઘટાડવામાં આવ્યો હતો. ઉપરાંત પેઢીના ખાતામાંથી ભાગીદારોના સગા-સંબંધીઓના ખાતામાં રૂ.1.07 કરોડથી વધુની રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી. દિવાળીપુરાની આધ્યા રેસિડેન્સીમાં રહેતા 49 વર્ષીય કેતનભાઈ વિઠ્ઠલભાઈ બરવાલિયાની ફરિયાદ મુજબ તેઓ અગાઉ ટ્રાન્સપોલ લોજિસ્ટિક્સ પ્રા.લિ.માં બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. દરમિયાન ક્રિષ્નાકુમાર પ્રેમશંકર શુક્લા સાથે તેમની ઓળખાણ થઈ હતી. વર્ષ 2016માં કેતનભાઈ, તેમની પત્ની શીતલબેન, ક્રિષ્નાકુમાર શુક્લા સહિત અન્ય ભાગીદારોએ મેસર્સ હિન્દ ગ્લોબલ એક્ઝિમ એલએલપી શરૂ કરી હતી. પેઢીમાં ચારેય ભાગીદારોનો 25-25 ટકા હિસ્સો હતો. કેતનભાઈ સેલ્સ-માર્કેટિંગનું કામ સંભાળતા હતા, જ્યારે ક્રિષ્નાકુમાર શુક્લા એકાઉન્ટ, ફાઈનાન્સ, એચઆર અને એડમિન વિભાગ સંભાળતા હતા. વર્ષ 2020-21માં પેઢીના નફામાં ઘટાડો થતાં હિસાબ અંગે શંકા ઊભી થઈ હતી. હિસાબ અંગે યોગ્ય જવાબ ન મળતાં બેલેન્સશીટ અને બેંક વ્યવહારોની તપાસ કરાવવામાં આવી હતી. ફરિયાદ મુજબ કમિશન અને કન્સલ્ટન્સી ખર્ચ હેઠળ રૂ.1.39 કરોડમાંથી રૂ.1.07 કરોડ શુક્લા અને પ્રિયંકા શુક્લાના સગા-સંબંધીઓના ખાતામાં ટ્રાન્સફર કરાયા હતા. તેમાં શુક્લાની માતાના ખાતામાં રૂ.17.82 લાખ, બહેનના ખાતામાં રૂ.20 લાખ, સાળા અને બે સાળીના ખાતામાં રૂ.20-20 લાખ તેમજ સસરાની ફર્મ એસ.કે. એસોસિએટ્સના ખાતામાં રૂ.10 લાખનો સમાવેશ થાય છે. ઉપરાંત બેલેન્સશીટમાં લીગલ એન્ડ પ્રોફેશનલ ફી રૂ.28.71 લાખ દર્શાવવામાં આવી હતી, જ્યારે અગાઉના વર્ષે આ ખર્ચ માત્ર રૂ.1.10 લાખ હતો. ફર્નિચર-રિપેરિંગ, જાહેરાત અને બિઝનેસ પ્રમોશન સહિતના અન્ય ખર્ચમાં પણ ગેરરીતિ થઈ હોવાનો આક્ષેપ છે. અકોટા પોલીસે બેલેન્સશીટ, બેંક સ્ટેટમેન્ટ, ભાગીદારી અને રિટાયરમેન્ટ એગ્રીમેન્ટ, ચેક તથા સોફ્ટવેરમાં નોંધાયેલા હિસાબના આધારે તપાસ શરૂ કરી છે.

### આરોપીઓના નામ સરનામા

1. **ક્રિષ્નાકુમાર શુક્લા** । સી-7, મારુતિધામ સોસાયટી, ટી.પી.-13, છાણી, વડોદરા, વડોદરા
2. **પ્રિયંકા ક્રિષ્ના શુક્લા** । સી-7, મારુતિધામ સોસાયટી, ટી.પી.-13, છાણી, વડોદરા, વડોદરા
3. **જયા શુક્લા** । સી-7, મારુતિધામ સોસાયટી, ટી.પી.-13, છાણી, વડોદરા, વડોદરા શહેર
4. **જ્યોતિ મિશ્રા** । સંત રવીદાસનગર, જી. સંત કબીર નગર, સંત રવીદાસનગર
5. **મૃત્યુંજય મિશ્રા** । વિજયપુર, જી. મિરઝાપુર,
6. **રચના મિશ્રા** । વિજયપુર, જી. મિરઝાપુર,
7. **રીટા મિશ્રા** । વિજયપુર, જી. મિરઝાપુર,
8. **એસ. કે. એસોસીએટ** । વિજયપુર, જી. મિરઝાપુર,

# બાઈકની ચેનમાં યુવાનનો અંગૂઠો આવી જતાં ઈજા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨

શહેરના છાણી વિસ્તારમાં આવેલા નવાપુરા નાકા પાસે એક દુર્ઘટના બની હોવાનું સામે આવ્યું છે. છાણી ગામની મારુતિધામ સોસાયટીમાં રહેતા ૧૯ વર્ષીય ધવલ જાદવ કોઈ કામસર પોતાના બાઈક પર જઈ રહ્યો હતો. તે દરિમયાન છાણી નવાપુરા નાકા પાસે પહોંચતા જ અચાનક બાઈકની ફરતી ચેનમાં તેનો અંગૂઠો ફસાઈ ગયો હતો. જેથી તેના અંગૂઠામાં ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનો અને સ્થાનિક લોકો તાત્કાલિક ધોરણે ધવલને સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં તબીબો દ્વારા તેને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપીને આગળની મેડિકલ ટ્રીટમેન્ટ શરૂ કરવામાં આવી હતી. હાલ યુવાનની તબિયતમાં સુધારો હોવાનું જાણવા મળ્યું છે.

CCTV કેમેરા ના ફોટા ચેક કરતા બે આરોપી મોબાઇલ સંતાડતા હોય ભાંડો ફોડ્યો

# વડોદરા સેન્ટ્રલ જેલમાં બેરેકના દરવાજા ઉપર છુપાવેલો મોબાઈલ મળી આવ્યો

**બે કાચા કેદી** પાસે મોબાઇલ ક્યાંથી આવ્યો તેની તપાસ શરૂ કરાય

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા મધ્યસ્થ જેલમાં પ્રતિબંધિત મોબાઈલ ફોન ઘૂસાડીને કેદીઓ તેનો ઉપયોગ કરી રહ્યા હોવાની આશંકા વચ્ચે ફરી એક વખત જેલની સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે. સર્કલ વિભાગમાં સ્થાનિક ઝાડતી દરમિયાન બેરેકના દરવાજા ઉપર આવેલી MCBની પેટીમાંથી મોબાઈલ મળી આવ્યો હતો. ત્યારબાદ CCTV ફૂટેજ તપાસતા બે કાચા કેદીઓ એકબીજાની મદદથી મોબાઈલ છુપાવતા હોવાનું સામે આવતા બંને વિરુદ્ધ રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. વડોદરા મધ્યસ્થ જેલમાં તા.21 સપ્ટેમ્બરના રોજ સવારે 9.55થી 11.10 વાગ્યા દરમિયાન સિનિયર જેલરની સૂચનાથી સ્થાનિક ઝાડતી હાથ ધરવામાં આવી હતી. ઝાડતી સ્કવોડના કર્મચારીઓ તથા ફરજ પરના અન્ય જેલ કર્મચારીઓ દ્વારા સર્કલ વિભાગના યાર્ડ નં.12માં તપાસ કરવામાં આવી હતી. દરમિયાન બેરેક નં.0101ના દરવાજાના બહારના ભાગે લાકડાની સીડીની મદદથી ઉપર ચઢીને ઈલેક્ટ્રિકલ MCB સ્વીચની પેટી તપાસવામાં આવી હતી. આ દરમિયાન MCBની પેટી ઉપર છુપાવી રાખેલો બેટરી સહિતનો એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. મોબાઈલમાં સીમકાર્ડ લગાવેલું ન હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. મોબાઈલ ક્યાંથી આવ્યો અને કોને છુપાવ્યો તે અંગે તપાસ શરૂ કરવામાં આવતા યાર્ડ નં.12ની બેરેક નં.0906ના CCTV ફૂટેજ ચેક કરવામાં આવ્યા હતા. CCTVમાં કાચા આરોપી શિવમ મોહનસિંગ ભગવાનસિંગ રાજપુત અને મનજીતસિંગ સુખદેવસિંગ ધીલોન એકબીજાની મદદથી મોબાઈલ બેરેકના દરવાજા ઉપર છુપાવતા હોવાનું જણાઈ આવ્યું હતું. જેલર બનસિંગભાઈ બી. રાઠવાએ રાવપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે જેલમાં પ્રતિબંધિત મોબાઈલ ફોન મળી આવવો પોલીસ કમિશનરના જાહેરનામા તેમજ જેલ વિભાગના નિયમોનો ભંગ છે. આ મોબાઈલનો અન્ય કેદીઓ દ્વારા ઉપયોગ કરવામાં આવ્યો હતો કે કેમ, મોબાઈલ મારફતે કોઈ ગુનાહિતની તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત મોબાઈલ જેલની અંદર કેવી રીતે પહોંચ્યો તે અંગે તપાસ શરૂ કરાઈ છે.

વડી-વાડી ફાયર બ્રિગેડે તાત્કાલિક આગ પર કાબૂ મેળવ્યો

# પંડ્યા બ્રિજ પાસે ઈલેક્ટ્રિક ડીપીમાં શોર્ટ સર્કિટથી આગ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

વડોદરા શહેરના પંડ્યા બ્રિજ પાસે ઈલેક્ટ્રિક ડીપીમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં આગ ફાટી નીકળી હતી. આગના કારણે વિસ્તારમાં ભારે દોડધામ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગની જ્વાળાઓ દૂરથી જોવા મળતા આસપાસના દુકાનદારો અને રાહદારીઓમાં ભયનો માહોલ ફેલાયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ પંડ્યા બ્રિજ ઉતરતાની સાથે જ આવેલી એમજીવીસીએલની ઈલેક્ટ્રિક ડીપીમાં એકાએક ધડાકા સાથે શોર્ટ સર્કિટ થયું હતું અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઘટનાની જાણ સ્થાનિકોએ તાત્કાલિક વાડી-વાડી ફાયર સ્ટેશનને કરતા ફાયરની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ સતર્કતા દાખવી સૌપ્રથમ આસપાસના વિસ્તારમાંથી લોકોને



દૂર ખસેડ્યા હતા અને ત્યારબાદ પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટોમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. ફાયર બ્રિગેડની સમયસૂચકતાને કારણે મોટી હોનારત ટળી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી, પરંતુ ડીપીને નુકસાન થયું છે. આગ કયા કારણોસર લાગી તેનું ચોક્કસ કારણ જાણવા એમજીવીએએલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# પેશ્વા વ્હીટનો IPO ૨૪ સપ્ટેમ્બરથી ખુલશે

વડોદરા : ઈન્દોર સ્થિત ઈન્ટિગ્રેટેડ ગ્રેઈન પ્રોસેસિંગ કંપની પેશ્વા વ્હીટ લિમિટેડનો IPO ગુરુવાર, 24 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે અને 28 સપ્ટેમ્બરે બંધ થશે. કંપની નવા ઈક્વિટી શેરના ઈશ્યૂ મારફતે 53.52 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. શેર BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટ થશે. ઈશ્યૂમાં 10ની ફેસ વેલ્યૂ ધરાવતા 52,99,200 ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. શેરની પ્રાઈસ બેન્ડ 95થી 101 છે, જ્યારે લોટ સાઈઝ 1,200 શેર છે. રોકાણકારોએ ઓછામાં ઓછા 2,400 શેર માટે તથા ત્યારબાદ 1,200ના ગુણાંકમાં બિડ કરવાની રહેશે. IPOમાંથી મળેલી રકમમાંથી 6.69 કરોડ પ્લાન્ટ અને મશીનરી, 5.01 કરોડ સિવિલ કન્સ્ટ્રક્શન અને 26.50 કરોડ કાર્યકારી મૂડી માટે ફાળવવામાં આવશે. કંપની ઈન્દોર સ્થિત પ્લાન્ટની ક્ષમતા વધારવા માટે નવી ઓટોમેટેડ રોલર ફ્લોર મિલ અને ચક્કી વ્હોલ વ્હીટ આટા મિલ સ્થાપવાની યોજના ધરાવે છે.

મહિલા અને ચાર વર્ષની બાળકી ઘાયલ

# વાઘોડિયા ચોકડી પાસે રિક્ષા પલટી જતાં ડ્રાઈવરનું કરુણ મોત નીપજ્યું

**નવગ્રહ હનુમાનજી** મંદિર પાસેથી પસાર થતી વખતે અકસ્માત

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરામાં વાઘોડિયા ચોકડી તરફ જતાં સર્વિસ રોડ પર ઉબેરની નવગ્રહ હનુમાનજી મંદિર પાસે થી પસાર થતા રિક્ષા અચાનક પલટી ખાઈ જતાં રિક્ષા ચાલકનું ગંભીર ઈજાના કારણે મોત થયું હતું. અકસ્માતમાં રિક્ષામાં સવાર મહિલા અને ચાર વર્ષની બાળકી પણ ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. બનાવ અંગે કપુરાઈ પોલીસે મૃતક રિક્ષા ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વડોદરા શહેરના કપુરાઈ વિસ્તારમાં વાઘોડિયા ચોકડી તરફ જતા માર્ગ પર રિક્ષા પલટી ખાઈ જતાં રિક્ષા ચાલકનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે કામધેનુ સેરેનીટી સ્કાય સોસાયટીમાં રહેતી પિનલબેન ઓઝાએ કપુરાઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ પિનલબેન અગાઉ ગોરવા વિસ્તારમાં રહેતા હતા ત્યારે તેમના પાડોશમાં રહેતા અંકુરભાઈ પટેલની ચાર વર્ષની પુત્રી પ્રિસા તેમના ઘરે રમવા આવતી હતી. તા.20 સપ્ટેમ્બરના રોજ પ્રિસા પિનલબેનના ઘરે રમવા માટે આવી હતી. સાંજે તેને ગોરવા ખાતે તેના ઘરે મુકવા જવાનું હોવાથી પિનલબેને ઉબેર એપ્લિકેશન મારફતે રિક્ષા બુક કરી હતી. થોડા સમય બાદ રિક્ષા આવી હતી. પિનલબેન અને પ્રિસા રિક્ષામાં બેસીને ગોરવા જવા નીકળ્યા હતા. એલ એન્ડ ટી નોલેજ સિટી નજીકથી નેશનલ હાઈવે-48 પર થઈ ગેલેલી મોલની બાજુના સર્વિસ રોડ પરથી વાઘોડિયા ચોકડી તરફ જતા હતા. દરમિયાન નવગ્રહ હનુમાનજી મંદિર પાસેથી પસાર થતી વખતે રિક્ષા ચાલક મિતેશકુમાર મગનભાઈ સોલંકીનો સ્ટિયરિંગ પરથી કાબૂ છૂટી જતાં રિક્ષા અચાનક પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતમાં પિનલબેનને જમણા હાથના કાંડા પાસે તથા પ્રિસાને જમણા પગના સાથળના ભાગે ઈજા થઈ હતી. જ્યારે રિક્ષા ચાલક મિતેશકુમારને માથામાં ગંભીર ઈજા થતાં ભારે લોહી વહી ગયું હતું. રાહદારીએ 108ને જાણ કરતાં મિતેશકુમારને એસએસજી હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પિનલબેન અને બાળકીની ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવવામાં આવી હતી. કપુરાઈ પોલીસે અકસ્માતની તપાસ શરૂ કરી છે.

૨૨ ઓક્ટોબરથી ૨ નવેમ્બર દરમિયાન યોજાશે

# ધો.૯થી ૧૨ની પ્રથમ સત્રાંત પરીક્ષા નવરાત્રી પછી લેવાશે

**નવરાત્રીના તહેવાર** બાદ તુરંત જ પરીક્ષા યોજાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં નારાજગી

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 9 થી 12ની પ્રથમ સત્રાંત પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. શાળાકીય પ્રવૃત્તિના કેલેન્ડર-2026 મુજબ આ પરીક્ષા નવરાત્રી પૂર્ણ થયા બાદ તા. 22 ઓક્ટોબરથી 2 નવેમ્બર દરમિયાન લેવામાં આવશે. બોર્ડ દ્વારા જાહેર કરાયેલા સમયપત્રકને લઈને વિદ્યાર્થીઓ અને વાલીઓમાં નારાજગી જોવા મળી રહી છે.

ગત વર્ષે નવરાત્રી પહેલા જ પ્રથમ પરીક્ષા પૂર્ણ કરી દેવામાં આવી હતી, જેથી વિદ્યાર્થીઓ તહેવારની ઉજવણી મુક્ત મને કરી શક્યા હતા. જ્યારે ચાલુ વર્ષે નવરાત્રી પૂર્ણ થયાના ગણતરીના દિવસોમાં જ પરીક્ષા શરૂ થઈ રહી હોવાથી વિદ્યાર્થીઓ પરીક્ષાના ભારણ વચ્ચે જ ગરબાની રમઝટ માણવા મજબૂર બનશે.

નવરાત્રી એ રાજ્યનો મુખ્ય પરંપરાગત તહેવાર છે. તહેવાર દરમિયાન રાત્રે મોડે સુધી જાગરણ અને તૈયારીઓને કારણે અભ્યાસ પર અસર પડે છે.

તેથી નવરાત્રીના 10 દિવસ પહેલા અથવા 10 દિવસ પછી પરીક્ષાનું આયોજન કરવામાં આવે તેવી શિક્ષકો દ્વારા પણ શિક્ષણમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત ધો. 9 અને 11ની વાર્ષિક પરીક્ષાઓ એપ્રિલના અંતને બદલે માર્ચ માસમાં લેવામાં આવે તો ધો.10 અને 12ના નવા સત્ર માટે વિદ્યાર્થીઓ પૂર્વ તૈયારી કરી શકે તેવી માંગ પણ શિક્ષણ જગતમાંથી ઉઠી છે.

**આક્રોશ** UPI ના બદલે ફરી કેશ સિસ્ટમ તરફ વળ્યા વડોદરાના કાપડ વેપારીઓ : ડિજિટલ અભિયાન સામે મોટો સવાલ

# UPI ચાર્જ લાગુ થાય તે પહેલાં જ વેપારીઓમાં રોષ

**પાતળા પ્રોફિટ** માર્જિન વચ્ચે વધારાનો બોજ અસહ્ય બનતાં બિલમાંથી QR કોડ ગાયબ

વડોદરાઃ ડિજિટલ પેમેન્ટ અને યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર સંભવિત મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ કે વધારાના સર્વિસ ચાર્જ લાગુ કરવાની વાતો વચ્ચે વેપારી આલમમાં તીવ્ર રોષ અને અસંતોષ વ્યાપી ગયો છે. વડોદરાના મંગળબજાર, ન્યાયમંદિર, એમ.જી. રોડ અને રાવપુરા સહિતના મુખ્ય કાપડ બજારો તેમજ રાજ્યભરના કાપડ વેપારીઓમાં અત્યારથી જ ભારે સળવળાટ જોવા મળી રહ્યો છે. વેપારીઓએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો યુપીઆઈ પેમેન્ટ પર વધારાનો ચાર્જ નાથવામાં આવશે કે તેને પાછો ખેંચવામાં નહીં આવે, તો તેઓ યુપીઆઈ દ્વારા નાણાં સ્વીકારવાનું સંપૂર્ણપણે બંધ કરીને ફરી જૂની પદ્ધતિ મુજબ રોકડ અને ચેકથી જ વેપાર-વ્યવહાર કરવા મજબૂર બનશે. વેપારીઓના વિરોધના પ્રથમ તબક્કા તરીકે, વડોદરાના જથ્થાબંધ તથા છૂટક કાપડના અનેક વેપારીઓએ પોતાના દુકાન અને પેઢીના બિલ તથા કેશ કાઉન્ટર પરથી UPI scan/QR કોડ હટાવી દીધા છે. વડોદરાના કાપડ વેપારીઓનું કહેવું છે કે કાપડ ક્ષેત્રે હાલમાં જંગી સ્પર્ધા અને મોંઘવારીના કારણે વેપારીઓ ખૂબ જ નાના પ્રોફિટ માર્જિન પર કામ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં ડિજિટલ વ્યવહારો પર જો ટકાવારી મુજબ ચાર્જ કે MDR કાપવામાં આવે, તો તેનો સીધો બોજ વેપારીના ખિસ્સા પર પડે છે અથવા ગ્રાહકો માટે ખરીદી મોંઘી થાય છે. વેપારીઓનું કહેવું છે કે, "જ્યારે સરકારે ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવા માટે 'કેશલેસ ઈકોનોમી'નો નારો આપ્યો હતો, ત્યારે તેને ચાર્જમુક્ત રાખવામાં આવ્યું હતું. હવે જ્યારે લોકો અને વેપારીઓ ડિજિટલ પેમેન્ટના આદિ બની ગયા છે, ત્યારે ચાર્જ ઝીંકવાની નીતિ વેપાર વિરોધી છે." વેપારી દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે બેંકિંગ સિસ્ટમ કે સરકાર દ્વારા જો વેપારીઓ પાસેથી UPI મારફતે થતા ટ્રાન્ઝેક્શન પર કોઈ પણ પ્રકારનો કમિશન કે ચાર્જ વસૂલવામાં આવશે, તો તેઓ ડિજિટલ ક્યુઆર કોડથી નાણાં લેવાનું બંધ કરશે. વેપારીઓ માત્ર રોકડ રકમ અથવા બેંક ચેક દ્વારા જ પેમેન્ટ સ્વીકારશે. વેપારીઓનું માનવું છે કે કેશ પેમેન્ટમાં કોઈ સર્વિસ ચાર્જ ચૂકવવો પડતો નથી, તેથી જૂની પદ્ધતિ તરફ પાછા વળવું તેમના માટે વધુ હિતાવહ રહેશે. બજારના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જો વડોદરા અને રાજ્યભરનું કાપડ બજાર ડિજિટલ પેમેન્ટથી અંતર જાળવવાનું શરૂ કરશે, તો તેની અસર અન્ય નાના-મોટા છૂટક વેપારીઓ, કરિયાણા બજાર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્ર પર પણ પડી શકે છે. પરિણામે ડિજિટલ ઈન્ડિયા અને કેશલેસ ઈકોનોમીના સરકારના આકાંક્ષી અભિયાનને મોટો ધક્કો પહોંચવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

### કાગળના બિલ-કેશ કાઉન્ટર પુનઃ સક્રિય!

નાનાથી લઈને મોટા દરેક વેપારી માટે 'સ્કેન કરો અને પેમેન્ટ કરો'ની સુવિધાઈ વેપારને ખૂબ સરળ બનાવ્યો હતો. પરંતુ, ચાર્જ લાગુ થવાના ભય માત્રથી વડોદરાના પ્રખ્યાત મંગળબજાર, ન્યાયમંદિર અને રાવપુરા સહિત સુરતના કાપડ માર્કેટોમાં રોનક બદલાવા લાગી છે. વેપારીઓએ પોતાના કાઉન્ટર પરથી 'Scan & Pay'ના સ્ટીકરો અને QR કોડ બોર્ડ હટાવવાનું શરૂ કરી દીધું છે. વડોદરાના કાપડ વેપારીઓનું કહેવું છે કે, "અમે ગ્રાહકો પાસેથી વધારાનો ચાર્જ વસૂલી શકીએ તેમ નથી.

#### "માર્જિન સાવ ઓછું, ચાર્જ ભરીએ તો નફો ધોવાઈ જાય"



"કરિયાણાના વેપારમાં અમારું માર્જિન સાવ ઓછું, અડધોથી એક ટકો હોય છે. જો UPI પર ટ્રાન્ઝેક્શન ચાર્જ લાગુ થશે, તો અમારો આખો નફો ચાર્જ ભરવામાં જ જતો રહેશે.

**જય મહેશ્વરી,**(વેપારી, વડોદરા)

#### રોજના ટ્રાન્ઝેક્શન પર ચાર્જ આપવો અશક્ય



ક્યુઆર કોડથી પેમેન્ટ સ્વીકારવું અમારા અને ગ્રાહક બંને માટે ખૂબ સરળ રહેતું હતું. પરંતુ જો ચાર્જ લાગુ થશે, તો ડિજિટલ ટ્રાન્ઝેક્શન પર ચાર્જ આપવો અસહ્ય બની જશે.અમે QR કોડ હટાવી રહ્યા છીએ."

**ચિરાગ કંસારા શેખ** કોસ્મેટિક્સ સ્ટોર હોલસેલર, મંગળબજાર

મંદિરેથી દર્શન કરી ઘરે પરત વળ્યા હતાં

# વૃદ્ધાના ગળામાથી સોનાની ચેઈન ખેંચી બાઈક સવાર ગઠીયો ફરાર

**રૂ.39 હજારની ચેઇન** આંચકી બાઇક પર આજવા રોડ તરફ નાસી ગયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

વડોદરાના આજવા રોડ પર મંદિરે દર્શન કરી ઘરે પરત ફરી રહેલી 70 વર્ષીય મહિલાને રસ્તામાં ગઠિયાએ નિશાન બનાવી ગળામાંથી રૂ.39 હજારની સોનાની ચેઈન આંચકી લીધી હતી. આ શખ્સ પાછળથી આવ્યો હતો અને અચાનક ચેઈન તોડી ઝૂંટવી લીધા બાદ બાઈક પર આજવા રોડ તરફ નાસી ગયો હતો. બનાવને પગલે બાપોદ પોલીસે અજાણ્યા ગઠિયા સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આજવા રોડ પર આવેલી કૃષ્ણાપાર્ક સોસાયટીમાં રહેતા જશીબેન કરશનભાઈ રોહીત (ઉં.70) ગત તા.23 ઓગસ્ટના રોજ સવારે સોસાયટીના નાકા પાસે આવેલા શુરપાણેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા ગયા હતા. દર્શન કર્યા બાદ તેઓ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે બપોરે આશરે 1:50 વાગ્યે પાછળથી એક અજાણ્યો શખ્સ ચાલતો આવ્યો હતો. આ શખ્સે અચાનક જશીબેનના ગળામાં હાથ નાખી તેમણે પહેરેલી રૂપિયા 39 હજારની 10 ગ્રામ વજનની સોનાની ચેઈન તોડી આંચકી લીધી હતી.

બાદમાં થોડે દૂર ઉભેલી કાળી બાઈક પર સવાર થઈ આજવા રોડ તરફ ફરાર થઈ ગયો હતો. ઘટના બાદ જશીબેને ચેઈનની આસપાસ શોધખોળ કરી હતી, પરંતુ ચેઈનનો કોઈ પત્તો ન લાગતાં આખરે બાપોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા ગઠિયા વિરુદ્ધ ગુનો નોંધી આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે તેની ઓળખ અને ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# પ્રેમમાં યુવતીએ ઘર છોડ્યુ, પ્રેમીએ લગ્નનો ઈનકાર કરી તરછોડી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

વડોદરા શહેરમાં માતા-પિતાની વિરુદ્ધ જઈ યુવક સાથે રહેવા ગયેલી યુવતી મુશ્કેલીમાં મુકાતા 181 અભયમની મદદ લીધી હતી. યુવકે હવે તેને સાથે રાખવા કે લગ્ન કરવા ઈનકાર કરતાં યુવતી મૂંઝવણમાં મુકાઈ હતી. માહિતી મળતાં અભયમની ટીમ યુવતીના ઘરે પહોંચી હતી. યુવતીએ જણાવ્યું હતું કે, યુવક સાથે રહેવા માટે તેણે અગાઉ પરિવારજનો સાથે ઝઘડા કર્યા હતા, મારપીટ કરી હતી અને પૈસા ચોરીને યુવકને આપ્યા હતા. જેના કારણે પરિવારજનો પણ તેને સ્વીકારવા તૈયાર નહોતા. બીજી તરફ યુવકે જણાવ્યું હતું કે, યુવતીને અકસ્માતમાં ઈજા થઈ હતી. ટિફિન ન બનાવવાના મુદ્દે બંને વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા અને મારપીટ પણ થઈ હતી. યુવકે હાલ લગ્ન કે સંબંધ રાખવાનો ઈનકાર કર્યો હતો. અભયમ ટીમે યુવતીનું કાઉન્સેલિંગ કરી અભ્યાસ અને કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરવા સમજાવ્યું હતું.